શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
વર્ષ ૨૦૨૬ મા નવી સુવિધાઓ
ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટ
(પેટ – આંતરડા – લીવરના રોગની અધતન સારવાર)
ઉપલબ્ધ ડાક્ટર્સની ટીમ (ઓ.પી.ડી... મંગળવાર – સાંજે ૩ થી ૪)
- ડાં. ધ્રુવિન શાહ - M.D.Medicine (Gold Medalist), DNB (Gastroenterologist)
- ડાં. ભાવિન પટેલ - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડાં. પ્રશાંત ડોબરીયા - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડાં. નિલેશ ગોધાણી - M.D.Medicine, DNB (Gastroenterologist)
ઓ.પી.ડી... સોમવાર, બુધવાર, શુક્રવાર – સાંજે ૩ થી ૪
- ડાં. જય ચોકસી - M.S., General Surgery - FMAS, DNB Surgical Gastroenterologist
હિમેટોલોજીસ્ટ ડિપાર્ટમેન્ટ
લોહી-રક્ત (બ્લડ)ને સંબંધિત રોગો તેમજ બ્લડને સંબંધિત કેન્સરના રોગ માટેના તજજ્ઞ હિમેટોલોજીસ્ટ તબીબની ઓ. પી. ડી. .... સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬
- ડાં. ચિરાગ ત્રિવેદી - M.D., DM in Clinical Haematology


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેધાગ્નિકર્મ, પંચકર્મ
EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
સુરત ૧૦૫, દેવાશિષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, જાફરી સામે, ઈચ્છાનાથ, સુરત – ૩૯૫૦૦૭. Mo. : 75748 61851
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ તેરસ રવિવાર ૧ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# અમેરિકા, ઈઝરાયેલનો ઈરાન પર મોટો હુમલો



## બુર્જ ખલીફા ખાલી કરાવાયું

ઈરાને સંયુક્ત આરબ અમીરાતના અબુ ધાબી અને દુબઈ તેમજ કતારના દોહા અને સાઉદી અરેબિયાના રિયાધમાં આવેલા સ્થળોને નિશાન બનાવીને હુમલા કર્યા છે. આ હુમલા અમેરિકા અને ઈઝરાયલ દ્વારા તેહરાન પર કરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનના જવાબમાં કરવામાં આવ્યા હતા.

બુર્જ ખલીફાઃ દુબઈમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા બાદ વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવી હતી.

UAEના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, અબુ ધાબીના રહેણાંક વિસ્તારમાં મિસાઈલનો કાટમાળ પડવાથી એશિયન રાષ્ટ્રીયતા ધરાવતા એક નાગરિકનું મોત નીપજ્યું છે.

રહેવાસીઓએ મોટા વિસ્ફોટો સાંભળ્યા હોવાનું જણાવ્યું હતું, જેના કારણે બારીઓ પણ ધ્રૂજી ઉઠી હતી. આકાશમાં મિસાઈલો જતી પણ જોવા મળી હતી.

**અમેરિકા** અને ઇઝરાયેલે સંકલન સાધીને ઇરાનના વિવિધ સ્થળો પર હુમલાઓ કર્યા

**ઇરાને** ઇઝરાયેલ પર અને મધ્ય પૂર્વમાંના અમેરિકી થાણાઓ પર વળતા હુમલા કર્યા

**કોઇ** સ્થળેથી જાનહાનિ કે નુકસાનની સ્પષ્ટ વિગતો નહીં

દુબઈ, ૨૮ ફેબ્રુઆરી (AP): અમેરિકા અને ઈઝરાયેલે શનિવારે ઈરાન પર મોટો હુમલો કર્યો હતો, અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની જનતાને ૧૯૭૯થી દેશ પર શાસન કરી રહેલા ઈસ્લામિક નેતૃત્વ સામે અવાજ ઉઠાવીને પોતાના નસીબ પર નિયંત્રણ મેળવવા આહવાન કર્યું હતું.

ઈરાને તેના જવાબમાં ઈઝરાયેલ અને અખાતી પ્રદેશમાં આવેલા અમેરિકી સૈન્ય મથકો તરફ મિસાઈલો અને ડ્રોન છોડીને વળતો પ્રહાર કર્યો હતો. ઈરાન પર થયેલા શરૂઆતના કેટલાક હુમલાઓ સર્વોચ્ચ નેતા અલી ખામેનીની ઓફિસોની આસપાસના વિસ્તારોમાં થયા હોવાનું જણાયું હતું. ઈરાની મીડિયાના જણાવ્યા અનુસાર, દેશભરમાં થયેલા આ હુમલાઓના ભાગરૂપે રાજધાનીમાંથી ધુમાડાના ગોટા નીકળતા જોઈ શકાતા હતા.

...અનુસંધાન પાના 11 પર



### ઇરાનમાં એક કન્યા શાળા હુમલાની અડફેટે આવતા ૫૭નાં મોત

ઈરાનની સરકારી સમાચાર એજન્સી IRNA ના જણાવ્યા અનુસાર, દક્ષિણ ઈરાનમાં એક કન્યા શાળા પર થયેલા ઈઝરાયેલ-અમેરિકાના હુમલામાં ઓછામાં ઓછા 57 લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે અને અન્ય ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. વ્હાઇટ હાઉસ અને ઈઝરાયેલની સેનાએ આ બાબતે ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક કોઈ પ્રતિસાદ આપ્યો નથી.

### અબુધાબીમાં મિસાઇલના શાર્પનલો વાગતાં એકનું મોત

સંયુક્ત આરબ અમીરાત (UAE)ની રાજધાની પર ઈરાનના મિસાઈલ હુમલા વખતે મિસાઇલના અણીદાર પદાર્થો પડવાથી એક વ્યક્તિનું મોત નિપજ્યું છે, તેમ સરકારી મીડિયાએ જણાવ્યું હતું.

### ટ્રમ્પે સંસદની મંજૂરી વગર હુમલો કર્યોઃ ડેમોક્રેટોએ ટીકા કરી

ડેમોક્રેટ્સે આક્ષેપ કર્યો હતો કે ટ્રમ્પે કોંગ્રેસની મંજૂરી વગર આ પગલું ભર્યું હતું. હાઉસ ઓફ

...અનુસંધાન પાના 11 પર

### શાસન પોતાના કબજામાં લેવાની ઇરાનની પ્રજાને ટ્રમ્પની હાકલ

મોટી લશ્કરી કાર્યવાહીની જાહેરાત કરતા એક વીડિયોમાં ટ્રમ્પે કહ્યું હતું કે, જ્યારે અમે પૂર્ણ કરી લઈએ, ત્યારે તમે સરકારનો કબજો મેળવી લેજો. તે તમારી હશે. કદાચ પેઢીઓ સુધી તમારી પાસે આ એકમાત્ર તક હશે. ઘણા વર્ષોથી તમે અમેરિકાની મદદ માંગી હતી, પરંતુ તમને તે ક્યારેય મળી નહોતી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ આ જ લક્ષ્યનો પડઘો પાડતા કહ્યું હતું કે, અમારું સંયુક્ત ઓપરેશન બહાદુર ઈરાની લોકો માટે તેમના ભાગ્યને પોતાના હાથમાં લેવા માટેની સ્થિતિનું નિર્માણ કરશે.

### ઇરાનના ટોચના નેતાઓ માર્યા જાય તો પણ શાસન પરિવર્તનની ખાતરી નથી

અમેરિકી અધિકારી અને આ ઓપરેશનની જાણકારી રાખનાર અન્ય એક વ્યક્તિના જણાવ્યા અનુસાર, લક્ષ્યોમાં ઈરાનના નેતૃત્વના સભ્યો સામેલ હતા. આ વ્યક્તિઓએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી હતી. ઇરાનના ટોચના પદાધિકારીઓ માર્યા ગયા છે કે નહીં તે અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી.જો ઈરાનના ટોચના નેતાઓ માર્યા જાય તો પણ શાસન પરિવર્તનની ખાતરી નથી, અને ન તો અમેરિકા કે ઈઝરાયેલે નવું નેતૃત્વ કેવું હશે તે અંગે કોઈ સ્પષ્ટ દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે.

## અમેરિકી સૈનિકોની જાનહાનિ થઇ શકેઃ ટ્રમ્પની કબૂલાત

**ટ્રમ્પની** મોટી જાહેરાતઃ ઈરાન વિરુદ્ધ 'મેજર કોમ્બેટ ઓપરેશન' શરૂ

**આઠ** મીનિટનો વીડિયો જારી કરીને અમેરિકી પ્રમુખે ઇરાન પરના અમેરિકાના હુમલાને એક ઉમદા મિશન ગણાવ્યું

વેસ્ટ પામ બીચ (અમેરિકી), ૨૮ ફેબ્રુઆરી(એપી): અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે સ્વીકાર્યું હતું કે ઈરાન વિરુદ્ધના ઓપરેશનમાં અમેરિકી સૈનિકો જાનહાનિનો ભોગ બની શકે છે.

શનિવારે વહેલી સવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં તેમણે જણાવ્યું હતું કે, હિંમતવાન અમેરિકન નાયકોના જીવ જઈ શકે છે અને આપણને જાનહાનિ થઈ શકે છે. યુદ્ધમાં આવું અવારનવાર બનતું હોય છે. જૂન મહિનામાં ઈરાનના પરમાણુ મથકો પર થયેલા હુમલાઓ બાદ ટ્રમ્પે કહ્યું હતું કે, "અમે તેમને ચેતવણી આપી હતી કે તેઓ ક્યારેય પરમાણુ શસ્ત્રોનો દૂષિત પીછો ફરી શરૂ ન કરે. અને અમે વારંવાર સમજૂતી કરવાનો પ્રયાસ કર્યો હતો. અમે કોશિશ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે ઈરાને તેમની પરમાણુ મહત્વાકાંક્ષાઓ છોડી દેવાની દરેક તકને નકારી કાઢી હતી, અને હવે અમે તેને વધુ સહન કરી શકીએ તેમ નથી. ટ્રમ્પે ઈરાન પરના હુમલાઓને એક ઉમદા મિશન ગણાવતા કહ્યું કે તે જરૂરી હતા, કારણ કે ઈરાન પરમાણુ શસ્ત્રો અને એવી મિસાઈલ પ્રણાલીઓ વિકસાવી રહ્યું હતું જે અમેરિકા સુધી પહોંચી શકે છે. તેમણે ઈરાનના લોકોને શાસન પર કબજો મેળવવા (સત્તા પલટ કરવા) પણ આહ્વાન કર્યું હતું.

આઠ મિનીટના વીડિયોમાં તેમણે કહ્યું હતું કે થોડા સમય પહેલા જ, યુનાઈટેડ સ્ટેટ્સની સેનાએ ઈરાનમાં મોટી સૈન્ય કાર્યવાહી (મેજર કોમ્બેટ ઓપરેશન) શરૂ કરી છે. અમારો ઉદ્દેશ્ય ઈરાની શાસન તરફથી આવી રહેલા તોળાઈ રહેલા જોખમોને ખતમ કરીને અમેરિકન લોકોનું રક્ષણ કરવાનો છે. આ એક ખૂબ જ કઠોર અને ભયાનક લોકોનું દુષ્ટ જૂથ છે. ઈરાની દળોએ ઈરાકમાં સેંકડો અમેરિકન સૈનિકોને માર્યા અને અપંગ બનાવ્યા છે. ઈરાન આતંકવાદને પ્રોત્સાહન આપતું વિશ્વનું નંબર વન રાજ્ય છે, અને તેણે હાલમાં જ વિરોધ પ્રદર્શન કરી રહેલા પોતાના જ હજારો નાગરિકોની રસ્તાઓ પર હત્યા કરી છે. યુનાઈટેડ સ્ટેટ્સની, ખાસ કરીને મારા વહીવટીતંત્રની હંમેશા એ નીતિ રહી છે કે આ આતંકવાદી શાસન પાસે ક્યારેય પરમાણુ હથિયાર હોઈ શકે નહીં એમ ટ્રમ્પે કહ્યું હતું.

## તેહરાનમાં આયાતુલ્લા ખામેનેઈનું નિવાસસ્થાન તબાહ

**સેટેલાઈટ** તસવીરોમાં દેખાયો કાટમાળ

ન્યૂયોર્ક ટાઈમ્સ દ્વારા મેળવવામાં આવેલી સેટેલાઈટ તસવીરોમાં તેહરાન સ્થિત ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના સત્તાવાર નિવાસસ્થાન 'બેત-એ-રહબારી'ને મોટું નુકસાન થયું હોવાનું દેખાય છે. આ કોમ્પ્લેક્સ ઈરાનનું વહીવટી અને રાજકીય કેન્દ્ર ગણાય છે. અહીંથી જ સર્વોચ્ચ નેતા દેશ અને દુનિયાને સંબોધન કરતા હોય છે. સીએનએનએ વિડિયો અને સેટેલાઈટ ડેટાના આધારે પુષ્ટિ કરી છે કે આ હુમલાઓ સીધા સર્વોચ્ચ નેતાના કમાન્ડ સેન્ટરને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા.

૨૮ ફેબ્રુઆરીની તસવીરોમાં તેહરાન સ્થિત આ કોમ્પ્લેક્સમાંથી કાળો ધુમાડો નીકળતો જોઈ શકાય

...અનુસંધાન પાના 11 પર



## સાવધાન! માર્ચથી મે દરમિયાન આકરા તાપમાનની આગાહી

**ફેબ્રુઆરીમાં** દેશમાં શીત લહેરના કોઇ દિવસો નોંધાયા નહીં

**ગુજરાતમાં** લૂના દિવસો વધશે

**IMDની** ચેતવણીઃ ફેબ્રુઆરીમાં વરસાદ ૨૫ વર્ષમાં સૌથી ઓછો, હવે હીટવેવ સામે તૈયાર રહેવું પડશે

નવી દિલ્હી, તા. 28(PTI): ભારતીય હવામાન વિભાગ (IMD) એ શનિવારે તેના માસિક પૂર્વાનુમાનમાં જણાવ્યું હતું કે, માર્ચ અને મે મહિનાની વચ્ચે દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતા વધુ હીટવેવ (લૂ)ના દિવસો રહેવાની શક્યતા છે.

આ વિસ્તારોમાં પશ્ચિમ રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દક્ષિણ અને પૂર્વી મહારાષ્ટ્ર, પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ગંગાના મેદાની વિસ્તારો ધરાવતું પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને ઉત્તર કર્ણાટક તથા ઉત્તર તમિલનાડુના ભાગોનો સમાવેશ થાય છે. IMDના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાએ અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, માર્ચ-એપ્રિલ-મે (MAM) સીઝન દરમિયાન, હીટવેવની વધતી શક્યતા જાહેર આરોગ્ય, જળ સંસાધનો, વીજળીની માંગ અને આવશ્યક સેવાઓ માટે નોંધપાત્ર જોખમો ઊભા કરી શકે છે, જે ખાસ કરીને વૃદ્ધો, બાળકો, બહાર કામ કરતા શ્રમિકો અને ગંભીર બીમારી ધરાવતા વ્યક્તિઓ જેવા સંવેદનશીલ જૂથોને અસર કરી શકે છે.

જો કે, માર્ચ દરમિયાન પૂર્વોત્તર અને પૂર્વ ભારત તેમજ પશ્ચિમ હિમાલય ક્ષેત્ર, મધ્ય અને દ્વીપકલ્પ ભારતના કેટલાક ભાગોને બાદ કરતાં દેશના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય અથવા સામાન્યથી ઓછું રહેવાની શક્યતા છે. દરમિયાન, ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગો, દક્ષિણ દ્વીપકલ્પ અને પૂર્વ કિનારાના વિસ્તારો સિવાય દેશના મોટાભાગના ભાગોમાં માર્ચ દરમિયાન સામાન્ય લઘુત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. તેમણે કહ્યું, આનું કારણ એ હોઈ શકે છે કે માર્ચ 2026 દરમિયાન ભારતમાં સરેરાશ વરસાદ સામાન્ય રહેવાની પૂરેપૂરી સંભાવના છે. 1971 થી 2020 ના ડેટાના આધારે માર્ચ દરમિયાન દેશમાં વરસાદનું લાંબા ગાળાનું સરેરાશ (LPA) લગભગ 29.9 મીમી છે. ફેબ્રુઆરી દરમિયાન પ્રવર્તેલી હવામાન પરિસ્થિતિઓની સમીક્ષા કરતા IMD એ જણાવ્યું હતું કે ગયા મહિને સમગ્ર ભારતમાં વરસાદ 2001 પછી સૌથી ઓછો હતો. આ ઉપરાંત, ફેબ્રુઆરી દરમિયાન કોઈ શીત લહેર કે ઠંડા દિવસો નોંધાયા નથી. IMD એ જણાવ્યું કે, કોઈપણ સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો અભાવ અને પૂર્વીય પવનો સાથે તેમના જોડાણનો અભાવ એ મહિનામાં ઓછા હિમવર્ષા/વરસાદ માટેના મુખ્ય કારણો છે. IMD એ ઉમેર્યું કે, ફેબ્રુઆરી દરમિયાન, ભારતે 1901 પછીનું 10મું સૌથી વધુ મહત્તમ તાપમાન, ત્રીજું સૌથી વધુ લઘુત્તમ તાપમાન અને પાંચમું સૌથી વધુ સરેરાશ તાપમાન અનુભવ્યું છે.



તા. ૦૧-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૪° સે. | ૧૮.૬° સે. | ૩૧% |


